1. આદિવાસી કલાસંસ્કૃતિની સમજૂતી આપો.

- આદિવાસીઓ જે કાર્ય કરતા હોય છે તે ખૂબ જ સાહજિક અને સ્વાભાવિક હોય છે, તેઓ તેમની કલાને સૌંદર્યનિર્માણનું સાધન સમજતા નથી. આદિવાસીઓ માટે કલા એ એમના જીવનનો એક ભાગ છે. આદિવાસી સંસ્કૃતિમાં કલાનાં કેટલાંક વિશિષ્ટ લક્ષણો જોવા મળે છે : (1) માધ્યમ, (2) સાધનો, (3) પ્રક્રિયા, (4) ઉપયોગ, (5) શિક્ષણ, (6) જીવનતત્ત્વ, (7) સાતત્ય, (8) સહવાણી (9) વિજ્ઞાન વગેરે. રાઠવાઓના 'પીઠોરા'નાં ચિત્રો, ચૌધરીઓના 'નવા'નાં ચિત્રો, કુંકણીઓનાં પસલી', ભીલોના 'ભારાડી' અને ભીલગરાસિયાના 'ગોત્રજ'નાં ચિત્રો વગેરે ચિત્રોનાં અનેક સ્વરૂપો
- આદિવાસી ચિત્રક્લાની ભેટ છે. ગીત, સંગીત અને નૃત્ય આદિવાસીઓની જીવનસંસ્કૃતિનાં મહત્ત્વની અંશો છે. આદિવાસીઓના આર્થિક રીતે વિષમ જીવનમાં ગીત, સંગીત નૃત્ય નવી ચેતના, ઉલ્લાસ અને પ્રાણ સિંચવાનું કામ કરે છે. આદિવાસીઓમાં વિશિષ્ટ માટીકલા સંસ્કૃતિ જોવા મળે છે.
- તેના માટીમાંથી વાસણો, રમકડાં અને દેવમૂર્તિ બનાવે છે. ગુજરાતમાં ઠેર ઠેર માટીના ધોડા, હાથી, વાઘ, ગાય, બળદ, પુરુષ મહિલા, મૂર્તિ વગેરે દેવને ચડાવે છે. આ સી પ્રકૃતિના અને તેવો ભાવ અને વિચાર આદિવાસી કલાસંસ્કૃતિમાં છે.

2. બૌદ્ધ સમુદાયની સમજૂતી આપો.

- ગૌતમ બુદ્ધને વૈશાખી પૂર્ણિમાને દિવસે 'બોધિ' વૃક્ષની નીચે જ્ઞાનનો પ્રકાશ પ્રાપ્ત થયો. પોતાને પ્રાપ્ત થયેલા જ્ઞાનનો ઉપદેશ તેમણે પાલિ ભાષામાં આપ્યો. તેમના ઉપદેશોને આધારેસ્થપાયેલો ધર્મ બૌદ્ધ ધર્મ કહેવાયો. બૌદ્ધ ધર્મમાં આઠ પ્રકારના સમ્યકનો સમાવેશ થાય છે : સમ્યક દષ્ટિ, સમ્યક સંકલ્પ, સમ્યક્ વાણી, સમ્યક કર્મ, સમ્યક આજીવિકા, સમ્યક વ્યાયામ, સમ્યક સ્મૃતિ અને સમ્યક સમાધિ. આ સત્યમાગણી છે અને તેને 'આર્ય અષ્ટાંગ માર્ગ' કહેવામાં આવે છે.
- આ અષ્ટાંગ માર્ગમાં અત્યંત દેહદમન તથા અત્યંત ભોગવિલાસ એમ બંને છેડાઓને ત્યજીને મધ્યમ માર્ગ સ્વીકારવામાં આવ્યો છે. 'વિનયપિટક', 'સુત્ત પિટક' અને 'અભિધમ્મ પિટક' બૌદ્ધ ધર્મના મુખ્ય ગ્રંથો છે. બૌદ્ધ ધર્મના બે પંથો છે : (1) મહાયાન અને (2) હીનયાન. ભારતમાં બૌદ્ધધર્મીઓની વસ્તી કુલ વસ્તીના 0.70 ટકા છે. તેમાંથી આશરે 85 ટકા બૌદ્ધધર્મીઓ મહારાષ્ટ્રમાં વસવાટ કરે છે.

  આ ઉપરાંત કેટલાક બૌદ્ધધર્મીઓ અરુણાચલ પ્રદેશ અને ઉત્તરપશ્ચિમ ભારતમાં પણ વસવાટ કરે છે. ભારતમાં બૌદ્ધ ધર્મના બે સ્તરો છે. બૌદ્ધ ધર્મના ઉચ્ચ સ્તરમાં બ્રાહ્મણ, ક્ષત્રિય અને અમુક કક્ષાના ગૃહપતિઓનો સમાવેશ થાય છે, જ્યારે નિમ્ન સ્તરમાં ધમાંતર પામેલા આદિવાસીઓ અને સીમાંત સમૂહોનો સમાવેશ થાય છે. સાંચી, સારનાથ અને બોધિગયા બૌદ્ધ ધર્મનાં પવિત્ર સ્થળો છે. 'બુદ્ધપૂર્ણિમા' બૌદ્ધધર્મીઓનો મહત્ત્વનો તહેવાર છે. ગુજરાતમાં બૌદ્ધધર્મીઓની વસ્તી કુલ વસ્તીના 0.05 ટકા છે.

3. યહુદી સમુદાયની સમજૂતી આપો.

- યહૂદીઓ હિબ્રુ વંશના છે. ભારતમાં તેમની વસ્તી બહુ ઓછીયહૂદી ધર્મનો ઉદ્ભવ જેરુસલેમમાં થયો હતો. યહૂદી ધર્મનો ધર્મગ્રંથ 'જૂનો કરાર' કે 'હિબ્રુ બાઈબલ' છે. યહૂદીઓમાં બે મુખ્ય જૂથો છે : એક જૂથે કોચીમાં વસવાટ્યોં છે અને બીજા જૂથે કોંકણમાં વસવાટ કર્યો છે.
- યહૂદીઓમાં ચામડીના રંગની દષ્ટિએ 'કાળા યહૂદીઓ' અને 'ગોરા યહુદીઓ' એવા બે વિભાગો છે. યહુદીઓના ધર્મસ્થાનને 'ટેમ્પલ માઉન્ટ' કહે છે. તેમનું ધર્મપુસ્તક 'તનખ' કે 'તોરાહ'' છે. તેમના ધર્મગુરુને 'મોસીસ' કહેવામાં આવે છે. યહૂદી ધર્મની ફિલોસૉફી ન્યાય, સત્ય, શાંતિ, પ્રેમ, દયા અને કરણા છે. તેઓ 'જેહોવા' કે 'યાહોવાહ' ભગવાનમાં માને છે. બધા યહૂદીઓ ઉપાસના કેન્દ્રમાં એકસાથે પૂજાઆરાધના કરેભારતમાંથી ઈ. સ. 1948માં ઘણા યહૂદીઓએ ઇઝરાયેલમાં સ્થળાંતર કર્યું હતું.

4. લોકસંસ્કૃતિનો અર્થ અને વ્યાખ્યા લખો.

- લોકસંસ્કૃતિ આદિમાનવની મનોવૈજ્ઞાનિક અભિવ્યક્તિ તરીકેઓળખાય છે. લોકસંસ્કૃતિ એ લોકસમૂહનું સહિયારું આગવું સર્જન છે. લોકજીવન પોતાનાં રસરુચિ, સવલતો, સુવિધાઓ અને ભૌગોલિક પરિસ્થિતિ અનુસાર કેટલીક પ્રણાલિકાઓની શરૂઆત કરે છે, જે લોકજીવનનાં રિવાજ અને રૂઢિ બની જાય છે. જોરાવરસિંહ જાદવના મત મુજબ, સંસ્કૃતિના સીમાડામાં સમાઈ જતી બોલીઓ, કંઠસ્ય સાહિત્ય, સંગીતકલા, ઉત્સવો, ધર્મ, વસ્ત્રાલંકારો, કૃષિ, પશુપાલન, નોકાયાન, હથિયારો, ઘર, ખોરડા.
- રાચરચીલું, દેવમંડળ, આચારવિચાર, સંસ્કાર વગેરેનો લોકસંસ્કૃતિમાં સમાવેશ થાય છે. હસુ યાજ્ઞિકના મતે, ''લોકસંસ્કૃતિ એ લોકમાનસ અને સાહિત્યના પાયા છે. સભ્યતાનો વિકાસ અને સંસ્કૃતિની ઉપલબ્ધિ બંનેની વિકાસયાત્રા સાથે લોકસંસ્કૃતિ જોડાયેલી છે.'' કૃષ્ણદેવ ઉપાધ્યાય 'લોકવિદ્યા'ને 'લોકસંસ્કૃતિ' કહે છે. ગુજરાતના 'ગરબા' અને 'ભવાઈ', પંજાબના 'ભાંગડા', મહારાષ્ટ્રના 'લાવણી', અસમના 'બિહુ' વગેરેમાં જેતે પ્રદેશની લોકસંસ્કૃતિ જોવા મળે છે.

5. શહેર સમુદાયનો અર્થ આપી તેની વ્યાખ્યા લખો.

- શહેર માટે 'નગર' શબ્દ પ્રચલિત છે. શહેરી વિસ્તારમાં વસવાટ કરતા લોકોના સમુદાયને 'શહેર સમુદાય' કહે છે. શહેર સમુદાયનો અર્થ : શહેર સમુદાયમાં વસ્તીનું કદ મોટું અને ઘનતા વધુ હોય છે. શહેર સમુદાયની મોટા ભાગની વસ્તી બિનકૃષિ વ્યવસાયમાંજોડાયેલી હોય છે.
- શહેરનું કદ મોટું હોવાથી નગરના સભ્યો વચ્ચે પરસ્પરઔપચારિક સંબંધો હોય છે. શહેર સમુદાયમાં ધર્મ, વ્યવસાય, કોમ, જ્ઞાતિ, ભાષા, હિતો વગેરે બાબતોમાં વિવિધતા હોય છે. સમાજશાસ્ત્રીય દષ્ટિએ શહેર સમુદાય એક જીવન જીવવાની 'જીવનશૈલી' છે. શહેરી સમુદાય મોટે ભાગે પ્રકૃતિથી દૂર હોય છે.

- શહેરી સમુદાયમાં વસ્તીગીચતા વધુ હોય છે.  શહેરમાં વાહનવ્યવહારની અવરજવર, ખરીદવેચાણ, વૈજ્ઞાનિક અને શૈક્ષણિક સુવિધાઓ વધુ હોય છે.  શહેરે સમુદાયના લોકોની સામાજિક વ્યવસ્થા અને માન્યતાઓ તેમજ શ્રદ્ધાઓમાં વિવિધતા હોય છે.  શહેર સમુદાયની વ્યાખ્યા : સમાજશાસ્ત્રીઓએ આપેલી શહેરા સમુદાયની વ્યાખ્યા નીચે પ્રમાણે છે :
- 1 લૂઈ વર્થ : એક નગર તુલનાત્મક રીતે મોટું કદ, ગીચ વસ્તીઅને સામાજિક રીતે અનેકવિધતા ધરાવતી વ્યક્તિઓનો કાયમી વસવાટ છે. 2. કિંગસ્લે ડેવિસના મત મુજબ, "નગર સમુદાય વિવિધ લાક્ષણિકતાઓ ધરાવે છે."

## 6. પારસી સમુદાયની સમજૂતી આપો.

- ભારતમાં પારસીઓનો સમુદાય નાનો છે. 'પારસી' શબ્દ પારસીભાષા અને સંસ્કૃતિ સાથે સંબંધ ધરાવે છે. પારસીઓ ભારતમાં દસમી સદીમાં ઈરાનમાંથી આવીને વસ્યા છે.
- હિન્દુ પ્રજા સાથેઆ પારસી પ્રજા દૂધમાં સાકર ભળે તેમ ભળી ગઈ છે. એક જુદો ધર્મ પાળતી આ પ્રજા એકાઓથી કશાય સંઘર્ષ વિના ભારતની અન્ય પ્રજાઓ સાથે વસવાટ કરી રહી છે. જરથોસ્તી ધર્મ પારસી પ્રજાનો ધર્મ છે, આ ધર્મના સ્થાપકનું નામ અષો (પવિત્ર) જરથુષ્ટ છે. જરથોસ્તી ધર્મનું ધર્મપુસ્તક 'અવેરતા' છે. પારસીઓ એક જ ઈશ્વરમાં માને છે અને તે અહુરમઝદના નામેઓળખાય છે,
- જરથોસ્તી ધર્મમાં આ રમઝદના પ્રતીક અગ્નિ(આતશ)નું અત્યંત મહત્ત્વનું સ્થાન છે. પારસીઓમાં કસ્તી (કમરપટો) પહેરવાનો ધાર્મિક રિવાજ છે. પારસીઓ પવિત્ર અગ્નિની પૂજા કરે છે, તેમના ધર્મસ્થાનને 'અગિયારી' કહે છે.  પારસીઓનાં ત્રણ ધાર્મિક સૂત્રો છે : (1) કછુપ્ન (સારા વિચારો), (2) હુન્ત (સારા શબ્દો) અને (3) હુવરત (સારાં કમ). ખોરદાદ સાલ, પતેતી, જમશેદી નવરોઝ વગેરે તેમના તહેવારોભારતમાં ગુજરાત અને મહારાષ્ટ્રમાં પારસીઓ વસવાટ કરે છે.
- ભારતના ઔદ્યોગિક વિકાસમાં દાદાભાઈ નવરોજી, બહેરામજી મલબારી, જમશેદજી તાતા વગેરે પારસીઓએ મહત્ત્વની ભૂમિકા ભજવી છે.

## 7. આદિવાસીઓની ચિત્રકલાની સમજૂતી આપો.

- આદિવાસીઓ દ્વારા દોરવામાં આવતાં વિવિધ સ્વરૂપોનાં ચિત્રો એ આદિવાસી સંસ્કૃતિની ચિત્રકલાની ભેટ છે. રાક્વાઓના 'પીઠોરા'નાં ચિત્રો, ચૌધરીઓના 'નવા'નાં ચિત્રો, કુંકણીઓનાં 'પસલી', ભીલોના ભારાડી' અને ભીલગરાસિયાના 'ગોત્રજ'નાં ચિત્રો.
- રાઠવા આદિવાસીઓ પોતાના ઘરની દીવાલ પર તેમના દેવ 'પીઠોરો'ને ચીતરે છે અને તેઓ આ દેવની સાથે પોતાનું જીવન પસાર કરે છે.  રાઠવા આદિવાસીઓ બધા ભેગા મળીને પીઠોરા દેવને ચીતરે છે.જ્યારે ચિત્ર બનાવે છે ત્યારે ઉપવાસ કરે છે.
- ચિત્ર દોરતાં અગાઉ કુંવારી કન્યાઓ દ્વારા સાત વખત લપણ કરવામાં આવે છે.  જ્યારે ચિત્ર દોરવામાં આવતું હોય ત્યારે સંગીત, નૃત્ય, નાટક વગેરેનું આયોજન કરવામાં આવે છે. આદિવાસીઓમાં ચિત્ર એ સમૂહજીવનનું

ઉત્સવરૂપ તત્ત્વ છે. આદિવાસીઓનાં ચિત્રોમાં દેવ, રાજા, ખેડૂત, ઝાડપાન, સૂરજ, ચંદ્ર, જીવડાં, પશુ, પથી વગેરેનો સમાવેશ થાય છે. તેઓ તેમાં ભભકાદાર રંગો પૂરે છે.

8. આદિવાસીઓની ગીત, સંગીત અને નૃત્યકલાની સમજૂતીઆપો.

- ગીત, સંગીત અને નૃત્ય એ આદિવાસી જીવન સંસ્કૃતિના મહત્ત્વના અંશો છે. આદિવાસીઓના આર્થિક રીતે વિષમ જીવનમાં નવી ચેતના, ઉલ્લાસ અને પ્રાણ પૂરવાનું કામ ગીત, સંગીત અને નૃત્ય કરે છે. અદિવાસી સંગીતકલામાં તેમનાં વાદ્યોનું ખૂબ મહત્ત્વ છે.
- તેમના મોટા ભાગનાં વાદ્યો લાકડાંનાં, હાડકાંનાં અને ચામડાંનાં ઉપયોગથી બનાવેલા હોય છે. તેમનાં સંગીતનાં ચર્મવાદ્યોમાં ઢોલ, ડૉબારું, નગાર, ત્રાંસા વગેરેનો સમાવેશ થાય છે. તેમનાં સુષિર (કાણાંવાળાં) વાદ્યોમાં વાંસળી, શંખ, શરણાઈ, ભૂંગળ, સારંગી વગેરેનો સમાવેશ થાય છે.
- તેમનાં તંતુવાદ્યોમાં તંબૂરો, મંજીરા અને બોર મુખ્ય છે. સંગીતનાં આ વાદ્યો સાથે આદિવાસીઓ ઋતુઓ, દેવીદેવતાઓ અને સમાજજીવનને લગતાં લોકગીતોનું સતત ગાન કરે છે.
- આદિવાસીઓના જીવનમાં નાચ અને ગાનનું ખૂબ મહત્ત્વ છે. આદિવાસીઓનાં બધાં નૃત્યો સામૂહિક નૃત્યો હોય છે. જેમ કે, ‘ઘેરૈયા નૃત્ય’, ડાંગ જિલ્લાનું ‘તારા નૃત્ય’, ‘ડૉબરા નૃત્ય’ અને ‘ઘણી નૃત્ય.